મહાનગરનો મહાજંગ વિધાનસભા-૨૦૨૨ની સેમીફાઈનલ બની રહી છે

પેનલો તુટવાના ભય વચ્ચે ભાજપની ૨, કોંગ્રેસની-૧ અને 'આપ'ની ૧ પેનલ અકબંધ જીતવાની ચર્ચાઓ

જૂથબંધીની જ્વાળાઓ અને જ્ઞાતિ સમાજના સામ્રાજ્યથી ભલભલા સમીકરણો બદલાવાની દહેશત

મહાનગરનો મહાજંગ

ગાંધીનગર મનપાની ચૂંટણીને આડે હવે માત્ર ચાર જ દિવસ બાકી છે ત્યારે પ્રચાર ઝુંબેશ પરાકાષ્ઠાએ પહોંચી છે. ભાજપ અને આપના કાર્યકરો ગલીઓ ગલીઓ ખુંદી રહ્યા છે ત્યારે કોંગ્રેસ તેના પરંપરાગત મતદારોનો સંપર્ક ઘનિષ્ઠ બનાવી રહી છે. ઓટલા અને ખાટલા બેઠકોનો ધમધમાટ છે. ભાજપ દ્વારા મંત્રીઓ મેદાનમાં ઉતરી રહ્યા છે અને આમ આદમી પાર્ટીએ કાર્યકરોને રોડ ઉપર ઉતાર્યા છે. જંગ રોમાંચક બની રહ્યો છે. આમ આદમી પાર્ટીની આક્રમકતાને પગલે એમ લાગી રહ્યું છે કે જાણે વિધાનસભાની ૨૦૨૨નો સેમીફાઈનલ જંગ ગાંધીનગરમાં ખેલાઈ રહ્યો છે. મતદારોમાં ઉત્તેજના છે. વિશ્લેષકો રોજેરોજ ગણિત બદલે છે પણ કોઈ ડંકાની ચોટ ઉપર કહી શકતુ નથી અર્થાત પરિણામો અણધાર્યા હોવાની સંભાવના દિન પ્રતિદિન વધતી જાય છે.

મહાનગરના ૧૧ વોર્ડની ૪૪ બેઠકો માટે ખેલાતો જંગ ચોકઠે ચોકઠે ચર્ચાસ્પદ બન્યો છે. કોણ જીતશે કોણ હારશે..?! એ તો ૫ મીએ પરિણામ બતાવશે, પરંતુ અત્યારે તો કોને કેટલી બેઠક આવશે તે ટોક ઓફ ધ ટાઉન બન્યું છે. લોકજીભે ચર્ચાતી વાતો અને રાજકીય પંડીતોના ગણિત મુજબ ભાજપની ૨ પેનલો, કોંગ્રેસની ૧ પેનલ અને આમ આદમીની ૧ પેનલ આખે આખી જીતશે..! બાકીના ૭ વોર્ડમાં પેનલો તુટશે. આ પ્રાથમિક અંદાજ પર ચર્ચાતી વાતો છે. અત્યારે તો ત્રણેય પક્ષો એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. એટલે કોણ જીતશે... કેટલું જીતશે... કેવું જીતશે..?! તેનું રહસ્ય તો અકબંધ છે અને અકબંધ રહેશે.

જેમ જેમ પ્રસંગ નજીક આવે તેમ મતદારોમાં તો ઉત્તેજના આવે પણ કાર્યકરો અને ઉમેદવારો પણ ઉત્તેજીત થતા જાય છે. આક્ષેપો-આરોપોથી કલુષિત થતાં વાતાવરણમાં હેમખેમ કેવી રીતે બહાર નીકળાશે તેમ કેટલાય ઉમેદવારોને પદાધિકારીઓ ચિંતા કરી રહ્યા છે. ક્યાંક કાનાફુસી ચાલે છે... તો ક્યાંક જૂથબંધીની જ્વાળાઓ છે... ક્યાંક આવડત-અણ આવડતના આટાપાટા ખેલાય છે... તો ક્યાંક જુના સમીકરણોના આધારે સમસ્યાઓ વધી જાય છે. ક્યાંક બદલાની બોલબાલા છે તો ક્યાંક જ્ઞાતિ સમીકરણોનું સામ્રાજ્ય છે... ક્યાંક વિસ્તાર-ચોકઠુ કે સોસાયટીની વાતો પણ ચાલે છે એટલે ક્યાં કયું સમીકરણ ચાલશે એ કહેવું અને ગણવુ અઘરૂ બની રહ્યું છે. પણ એટલી વાત ચોક્કસ છે... કે અગાઉ ક્યારેય ન થયો હોય તેવો ચૂંટણીનો માહોલ ગાંધીનગર અનુભવી રહ્યુ છે. સાચે જ...! વિધાનસભા-૨૨ની સેમીફાઈલ લાગે છે..!!

આજથી ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ પ્રચારમાં જોડાશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં આંતરકલહની વાતોથી ચોંકી ઉઠેલી પ્રદેશ એકમે પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલને પ્રચાર અભિયાનમાં ઉતારવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. તેમજ આજે શહેરના વિવિધ વોર્ડના ઈન્ચાર્જને પણ બદલી તાત્કાલિક નવાની નિયુક્તી કરી પ્રચાર અભિયાનને જોશીલું કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

શહેર ભાજપમાં વધતી જૂથબંધની વાતો અને મતદાનની આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે પ્રદેશ નેતાગીરીએ આંતરકલહની વાતોને ગંભીરતાથી લીધી છે અને તેની રણનિતીમાં મહત્વના ફેરફારો કરવાનો નિર્ણય કર્યો હતો.

શહેરમાં જે રીતે સંગઠનની નબળાઈઓ બહાર આવી છે તેને લઈ પણ મોવડીઓ ચોંકી ઉઠ્યા હતા.

ગઈકાલે ભાજપના આગેવાનોની યોજાયેલી એક બેઠકમાં પક્ષના આંતરિક કલહની વાતોથી પ્રદેશ નેતાગીરી એક તબક્કે ચોંકી ઉઠી હતી અને સંગઠનના ઘણા બધાને આડે હાથ લીધા હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ ગઈકાલે મળેલી બેઠક પછી આજે ભાજપની પ્રદેશ બક્ષીપંચ મોરચાની કારોબારીમાં ગાંધીનગરના વધુ બે આગેવાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જિલ્લામાંથી ગોવિંદજી ઠાકોર અને શહેરમાંથી કુડાસણના વિષ્ણુજી ઠાકોરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રદેશકક્ષાએ ગાંધીનગર મનપાની ચૂંટણીને ધ્યાને રાખી કારોબારી સહિત લગભગ તમામ સેલ અને સાથી સંગઠનોમાં શહેરના આગેવાનોને સ્થાન આપવામાં આવ્યા પછી પણ જે રીતે અસંતોષ અને આંતરકલહ બહાર આવી રહ્યો છે તેને લઈ પ્રદેશ નેતાગીરી સખ્ત નારાજ બની છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર મનપાના ચૂંટણી પ્રચાર અભિયાનને આક્રમક બનાવવા માટે ગાંધીનગર જિલ્લા ઉપરાંત અમદાવાદ, વડોદરા અને અન્ય જિલ્લાના આગેવાન કાર્યકર્તાઓની મોટી ફોજ ઉતારવામાં આવી છે. સંગઠનને વધુ ચેતનવંતુ બનાવવા માટેની સૂચનાઓ પણ આપવામાં આવી છે.

શહેરના પ્રદેશ પ્રમુખના પ્રવાસને આજે મોડી રાત્રે આખરી ઓપ આપી દેવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે. આ ઉપરાંત શહેરની વિવિધ વોર્ડમાં યોજાનાર જનસંપર્ક રેલીઓમાં પણ તે જોડાશે તેમ મનાઈ રહ્યુ છે.

આજે દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદીયા ગાંધીનગરમાં

સવારે અક્ષરધામના દર્શન કરીને ગિફ્ટ સિટી ખાતે પાટનગરના પ્રબુધ્ધ નાગરિકો સાથે સંવાદ કરશે : સાંજે પેથાપુર ખાતે આપના પ્રચાર માટે રોડ-શો કરશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર મહાનગર પાલિકાના ચૂંટણી જંગમાં તા.૨૯મી સપ્ટેમ્બર બુધવારના રોજ દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદીયા ગાંધીનગર ખાતે પધારી રહ્યાં છે. તેમના એક દિવસના પ્રચારમાં તેઓ અક્ષરધામના દર્શન કરીને ગિફ્ટ સિટી ખાતે ગાંધીનગર સંવાદ કાર્યક્રમ અંતર્ગત પાટનગરના પ્રબુધ્ધ નાગરિકો સાથે સંવાદ કરશે અને ત્યારબાદ પત્રકાર પરિષદને સંબોધન કરીને પછી પેથાપુર ખાતે રોડ-શો કરશે.

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીઓનો જંગ આખરી તબક્કામાં આવી પંહોચ્યો છે, હવે ખરાખરીના આ જંગમાં રાષ્ટ્રીય કક્ષાના નેતાઓની એન્ટ્રી થઈ રહી છે. ગાંધીનગરમાં પહેલીવાર ચુંટણી લડી રહેલી આમ આદમી પાર્ટી દિલ્હીની જેમ મર્યાદિત સત્તા ધરાવતી ગાંધીનગર મનપાનો જંગ જીતવા માટે એડીચોટીનું જોર લગાવી રહી છે. બુધવારે દિલ્હી સરકારના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદીયા ગુજરાતની એક દિવસીય મુલાકાતે આવશે. સવારે ૧૦.૨૦ કલાકે અમદાવાદ એરપોર્ટ પર તેમનું આપ પાર્ટીના પ્રદેશ નેતાઓ અને કાર્યકર્તાઓ દ્વારા સ્વાગત કરવામાં આવશે. એરપોર્ટથી તેઓ સીધા ગાંધીનગર અક્ષરધામ મંદિર જશે જયાં સવારે ૧૦.૫૦ કલાકે ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન કરશે ત્યારબાદ ગિફ્ટ સીટ કલબ જવા રવાના થશે.

મનીષ સિસોદિયા ગિફ્ટ સિટી ક્લબ ખાતે ગાંધીનગર સંવાદ કાર્યક્રમથી માંડીને ગાંધીનગરના પ્રબુધ્ધ નાગરિકો સાથે 'મારા સપનાનું ગાંધીનગર મહાનગર કેવું હોવું જોઈએ?' તે બાબતે ચર્ચા કરશે. આ કાર્યક્રમ બાદ તેઓ એક પત્રકાર પરિષદને સંબોધશે. આ ઉપરાંત પેથાપુર ખાતે આમ આદમી પાર્ટીના પ્રચાર માટે રોડ શો કરશે અને તે પછી તેઓ સાંજે દિલ્હી પરત ફરશે.

મનપાના મતદાનને લઈ તંત્ર દ્વારા તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગરપાલિકાની રવિવારે યોજાનારી ચૂંટણીના મતદાનને લઈ તંત્ર સંપૂર્ણ ઈલેક્શન મોડમાં આવી ગયુ છે.

આજે મનપાની ચૂંટણી માટે નિમાયેલા પાંચેય ચૂંટણી અધિકારીઓએ તેમના વોર્ડના મતદાન મથકો તેમજ ત્યાં આચારસંહિતાના અમલને લઈ રાઉન્ડ પણ લીધા હતા.

તાલિમનું કામકાજ અને ઈ.વી.એમ. તૈયાર કરવાની કામગીરી પણ લગભગ પૂર્ણ થઈ ગઈ છે. મતદાન મથક પર લઈ જવામાં આવનાર સાધન-સામગ્રીની કીટો પણ તૈયાર કરવાની કામગીરી હાલ ગતિમાં છે. મળતી વિગતો પ્રમાણે જે કીટ તૈયાર કરવામાં આવી રહી છે તેનુ વજન ૧૨ થી ૧૫ કિલો જેટલુ થાય છે તેમજ ઈ.વી.એમ.નું વજન અલગ ગણવાનુ થાય.

તંત્ર દ્વારા પોષ્ટલ બેલેટ રવાના કરી દેવામાં આવ્યા છે. હવે કાઉન્ટીંગ માટેના સ્ટાફની નિમણુંક અને તાલિમના કાર્યક્રમ યોજવાનું આયોજન તૈયાર કરી અને તેને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

મનપાની ચૂંટણીમાં ૨૮૪ મતદાન મથકો છે. પાંચ ચૂંટણી અધિકારીઓ છે તેમજ ૨૦૦૦ થી વધુ કર્મયોગીઓ આ ચૂંટણીમાં ફરજો બજાવશે.

તંત્ર ચૂંટણીની તૈયારીઓને અંતિમ ઓપ આપવામાં વ્યસ્ત બન્યુ છે.

શહેરના ત્રણ સેકટરોમાં જુદી જુદી કક્ષાના જોખમી ૩૬ બ્લોક તોડવા માટે દરખાસ્ત

સે-૧૨, સ-૧૬ અને સે-૧૭ માં વિવિધ કક્ષાના ૩૬ બ્લોક જોખમી હાલતમાં

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરના સેકટરોમાં દાયકાઓ જુના જોખમી મકાનો તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી જેના લીધે આ મકાનોને તોડવા માટે તંત્ર દ્વારા તબક્કાવાર વિભાગને દરખાસ્ત કરવામાં આવી રહી છે. એકબાજુ શહેરના સરકારી મકાનોમાં બિન અધિકૃત વસવાટ હોવાની પણ અનેક ફરિયાદો છે. જયારે વર્ષ ૨૦૨૧ દરમિયાન પણ તંત્ર દ્વારા સર્વેના અંતે ૪૭ જેટલા કિસ્સામાં કોર્ટ કેસ દાખલ કરવામાં આવ્યા છે. બીજીતરફ શહેરમાં મજબુતીકરણ હેઠળ પણ કેટલાક મકાનોનુ રીનોવેશન હાથ ધરાયુ છે. સેકટરોમાં સ્થિત આવાસો પૈકી મોટાભાગના જોખમી હોવાના લીધે તંત્ર માટે કર્મચારીઓને મકાન ફાળવવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. જયારે છેલ્લા કેટલાક સમયથી જોખમી મકાનો તોડવાની કામગીરી પણ મંદ પડી ગઈ છે. વિભાગ કક્ષાએથી તંત્ર કક્ષાએથી થતી દરખાસ્તને પણ ઝડપથી મંજુરી ન અપાતા આવાસોનો કડુસલો કરવાનુ કામ પણ મંદ પડી ગયુ છે. શહેરમાં સે-૧૭, સે-૧૬ અને સે-૧૨ માં પણ અંદાજિત ૩૬ જેટલા બ્લોક તોડવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. આ પૈકી મોટાભાગના આવાસો જોખમી હાલતમાં છે. તંત્ર દ્વારા આ આવાસોને તોડવા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. જયારે આ પૈકી મોટાભાગના મકાનો ખાલી છે. જોખમી હોવાના લીધે તંત્ર કક્ષાએથી આવાસો ખાલી કરાવી રહીશોને અન્ય મકાનમાં ખસેડી દેવાયા છે. આ ત્રણેય સેકટરોમાં આવાસો તોડીને જગ્યા ખુલ્લી કરવામાં આવે તો નવા આવાસો બાંધવા માટે ખાલી જગ્યા ઉપલબ્ધ થાય તેમ છે. સેકટરોમાં નવા આવાસોને અનુલક્ષીને પણ લાંબા સમયથી સ્થળ પસંદગી થઈ નથી.

આ ત્રણેય સેકટરોમાં આવાસો તોડીને જગ્યા ખુલ્લી કરવામાં આવે તો નવા આવાસો બાંધવા માટે ખાલી જગ્યા ઉપલબ્ધ થાય તેમ છે

શહેર-જિલ્લામાં ખાનગી શાળા છોડી સરકારી શાળામાં પ્રવેશ મેળવવાનો ટ્રેન્ડ શરૂ થયો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર જિલ્લામાં છેલ્લા બે શૈક્ષણિક સત્ર દરમ્યાન ગ્રામ્ય વિસ્તારમાં ૧૯૭૦ બાળકોએ ખાનગી શાળા છોડી સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો છે.

કોંગીના સુરેશ પટેલે રાજ્ય વિધાનસભામાં પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે ૧-૬-૨૦ થી ૧૯-૧૧-૨૦ અને ૨૦-૧૧-૨૦ થી ૩૧-૫-૨૧ના શૈક્ષણિક સત્રમાં આ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે.

તેમણે જણાવ્યુ હતુ કે ૧-૬-૨૦ થી ૧૯-૧૧-૨૦ના શૈક્ષણિક સત્ર દરમ્યાન ગ્રામ્ય વિસ્તારમાં ૧૪૭૯ બાળકોએ અને ૨૦-૧૧-૨૦ થી ૩૧-૫-૨૧ સુધીના બીજા શૈક્ષણિક સત્રમાં ૪૯૧ બાળકોએ ખાનગી શાળા છોડી સરકારી શાળામાં પ્રવેશ લીધો છે.

શિક્ષણમંત્રીએ સભ્યના ગાંધીનગર શહેરને લગતા પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ૧-૬-૨૦ થી ૧૯-૧૧-૨૦ દરમ્યાન ૨૧૩ બાળકોએ અને ૨૦-૧૧-૨૦ થી ૩૧-૫-૨૧ના શૈક્ષણિક સત્ર દરમ્યાન ૧૦૬ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો.

ગ્રામ્ય વિસ્તારમાં ધો. ૧ અને ધો. ૨ માં પ્રવેશ મેળવનાર બાળકોની સંખ્યા વધુ હોવાનું પણ સરકારે સ્વીકાર્યુ છે. બીજા સત્રમાં ઓછા બાળકોએ પ્રવેશ મેળવ્યો હોવાનું પણ તેમણે જણાવ્યુ છે.

ચોમાસામાં જિલ્લાના માર્ગો પર ગાબડા પુરવા ટીમ કામે લાગી

રાંધેજા બાલવા મહુડી માર્ગ પર માર્ગ સલામતીને અનુલક્ષી ખાડા પુરવા તંત્રએ ગાબડા પુરો ઝુંબેશ હાથ ધરી

ગાંધીનગર તા ૨૮

વરસાદી દિવસો દરમિયાન શહેર તેમજ જિલ્લાના વિવિધ માર્ગોનુ ધોવાણ થયુ છે. જયારે શહેરની સાથે જિલ્લામાં પણ વિવિધ માર્ગો પર મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જેના લીધે માર્ગ સલામતી પણ જોખમાઈ છે. આ જોખમી સ્થિતિને નિવારવા માટે તંત્ર દ્વારા માર્ગો પરના ગાબડા પુરવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. રાંધેજા બાલવા મહુડી માર્ગ પર હાલ ગાબડા પુરવા ઝુંબેશ હાથ ધરાઈ છે.

ગાંધીનગર શહેર તેમજ જિલ્લાના વિવિધ માર્ગો પર વરસાદી દિવસોના લીધે ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. મુખ્યમંત્રીએ પણ સમગ્ર રાજયમાં માર્ગોની દશા સુધારવા તેમજ ચોમાસા દરમિયાન માર્ગો પર અસ્તિત્વમાં આવેલા ગાબડા પુરવા માટે સુચના આપી છે. ગાંધીનગર શહેરમાં પણ વરસાદી દિવસામાં માર્ગોનુ ધોવાણ થયુ છે. જયારે માર્ગો પર કેટલાક ઠેકાણે ગાબડા પણ પડયા છે. પેચીસ પણ પડી ગયા છે. આ સ્થિતિને અનુલક્ષી શહેરી વિસ્તારમાં પણ હાલ માર્ગો પર ખાડા દુર કરવા માટે તંત્રની ટીમ કામે લાગી છે. જયારે જિલ્લાને જોડતા વિવિધ માર્ગો ઉપર પણ વરસાદી પાણીના ભરાવાના લીધે ખાડા અસ્તિત્વમાં આવ્યા છે એકબાજુ હવે વરસાદી દિવસોના અંતે આગામી મહીનામાં જિલ્લાના વિવિધ માર્ગોને અનુલક્ષી રીસરફેસીંગના કામો પણ હાથ ધરવામાં આવનાર છે. બીજીતરફ હાલની સ્થિતિએ માર્ગો પર પડેલા ખાડાના લીધે વાહનચાલકોન પણ પારાવાર હાલાકી વેઠવી પડે છે. માર્ગ સલામતીને અનુલક્ષીને પાટનગર યોજના ભવનની ટીમે માર્ગો પરના

ગાબડા પુરવા માટે યુધ્ધના ધોરણે સમારકામ શરૂ કરી દીધુ છે. જિલ્લાના વિવિધ માર્ગો પર જેટલા ઠેકાણે માર્ગો પર ખાડા પડયા છે તેમાં ડામર પુરવા માટે તંત્રની ટીમ કામે લાગી છે. રાંધેજા બાલવા મહુડી માર્ગ પર પણ વરસાદમાં ધોવાયો છે. જયારે આ માર્ગ પર કેટલાક ઠેકાણે મોટા ખાડા પડયા છે. તંત્ર દ્વારા ત્વરિત અસરથી આ માર્ગ પર ખાડા પુરવા માટે કામ શરૂ કરી દેવાયુ છે.

સે. ૨૧ની મહિલાનો રિપોર્ટ કોરોના પોઝીટીવ આવ્યો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં આજે એક કોરોનાનો કેસ નોંધાયો છે. ગાંધીનગર શહેરમાં એક સપ્તાહ બાદ કોરોનાનો કેસ નોંધાયો છે અને તંત્રએ તેને ગંભીરતાથી લઈ સર્વેલન્સ તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગના પાલન માટે જરૂરી સૂચનાઓ આપી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૧માં એક ૬૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. ગાંધીનગર શહેરમાં ૨૧ સપ્ટેમ્બરના રોજ કેસ નોંધાયો હતો. શહેરમાં હાલ બે દર્દી એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે જે ઉલ્લેખનીય છે.

જિલ્લામાં ત્રણ કોવિડ હોસ્પિટલને કોરોનાની સારવાર પેટે ૩. ૧,૫૮,૭૨,૮૩૮ ચુકવ્યા છે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં ૩ કોવિડ હોસ્પિટલોને છેલ્લા બે વર્ષ દરમ્યાન દર્દીઓની સારવાર પેટે ૧,૫૮,૭૨,૮૩૮ રૂ.નું ચુકવણુ કરવામાં આવ્યુ છે.

કોંગીના બળદેવજી ઠાકોરે આ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીએ જણાવ્યુ છે કે ગોયેન્કા હોસ્પિટલને ૩૧,૭૩,૨૨૦ રૂ., એસ.એમ.વી.એસ. હોસ્પિટનલે ૫૩,૮૯,૭૪૦ રૂ. અને આશ્કા હોસ્પિટલને ૭૩,૦૯,૮૭૮ રૂ. ચુકવવામાં આવ્યા છે.

ધારાસભ્ય બળદેવજી ઠાકોરે કોરોના અંગે પુછેલા એક અન્ય પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીએ જણાવ્યુ છે કે ૩૧-૮-૨૧ની સ્થિતિએ કોરોના મહામારીને કારણે જિલ્લામાં ૧૪૪ લોકોના મોત થયા છે.

જેમાં ગાંધીનગરમાં ૫૮, દહેગામમાં ૧૭, માણસામાં ૧૪ અને કલોલમાં ૫૫ દર્દીના મોત થયા છે.

તેમણે સભ્યના એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ઉક્ત સ્થિતિએ ઓક્સિજન સમયસર નહિ મળવાના કારણે કોઈ મૃત્યુ નોંધાયેલ નથી.

પ્રચારના અંતિમ ચરણમાં રેલી-સભાઓ માટે પક્ષો દ્વારા આયોજન

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીમાં મતદાન રવિવારે થવાનુ છે ત્યારે જાહેર પ્રચારના અંતિમ ૩ દિવસ દરમ્યાન ત્રણેય પક્ષોએ તેમનુ પ્રચાર અભિયાન આક્રમક બનાવ્યુ છે.

ત્રણેય પક્ષો દ્વારા પ્રચાર અભિયાનના અંતિમ દિવસોમાં રેલી, પ્રચાર અને જાહેર સભાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે તેમજ આ અંગેની મંજૂરી મેળવવામાં પણ કાર્યકરો વ્યસ્ત બન્યા છે.

પ્રચાર અભિયાનના અંતિમ ચરણમાં રેલીઓ ક્યાંય સામ સામે ના થઈ જાય તે માટે રૂટોની ચકાસણી કરવામાં આવી રહી છે એટલુ જ નહિ જાહેર સભાઓમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન થાય તે માટે પણ પક્ષના આયોજકોને સૂચનાઓ આપવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે.

ત્રણેય પક્ષો દ્વારા ખાસ જનસભાઓ અને રેલીઓના આયોજનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ રેલીઓનું વોર્ડવાર આયોજન કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

બેસણું / સુંવાળા

અમારા પિતાશ્રી

બાબુભાઈ આત્મારામ રામી

(ગામ : લાંઘણજ, હાલ ગાંધીનગર)

તા. ૨૫/૯/૨૦૨૧ને શનિવારના રોજ દેવલોક પામ્યા છે.

સદ્ગતનું બેસણું તથા સુંવાળા

તા. ૩૦/૯/૨૦૨૧, ગુરૂવાર સવારે ૯ થી ૧૨ કલાકે

સ્થળ : ટેનામેન્ટ નં. ૧૭, ગુજરાત હાઉસીંગ બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર. મો. ૯૦૯૯૯૩૬૦૯૦

આપના સ્વજન

ગં. સ્વ. પૂર્ણિમાબેન બાબુભાઈ રામી

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ટચૂકડી જાહેર ખબર દર રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧

ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT

KisaN

ashirvad

Jaquar experience bathing

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com